सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| **દાખલ તારીખ** | ૨૭/૦૨/૨૦૨૬ | | |
| **નોંધ્યા તારીખ** | ૨૭/૦૨/૨૦૨૬ | | |
| **ફેંસલ તારીખ** | ૧૮/૦૫/૨૦૨૬ | | |
| **અવધિ** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૨ | ૨૧ |

આંક–૧૪

**<u>ફોર્મ–એ</u>**

| |
|---|
| **<u>નડિયાદના મહે. પાંચમાં એડી. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, નડિયાદ.</u>** |
| **ફેંસલ તારીખ –૧૮/૦૫/૨૦૨૬**<br>**ફોજદારી કેસ નં.૮૯૦/૨૦૨૬**<br>**નડિયાદ રૂરલ પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૨૦૪૦૪૫૨૫૦૫૩૨/૨૦૨૫** |

| | |
|---|---|
| **ફરિયાદી** | શ્રી સરકાર |
| **પ્રતિનિધિ કરનાર** | વિ.એ.પી.પી.શ્રી જે.પી.વ્યાસ |
| **આરોપી** | **અનિલકુમાર ઇગ્નાસભાઇ પરમાર,**<br>રહે.ગુતાલ, ખ્રિસ્તી ફળિયુ,<br>તા.નડિયાદ, જી.ખેડા. |
| **પ્રતિનિધિ કરનાર** | વિ.વિ.શ્રી આર.ડી.ચૌહાણ |

**<u>ફોર્મ–બી</u>**

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખ** | ૦૯/૧૨/૨૦૨૫ |
| **ફરિયાદની તારીખ** | ૧૦/૧૨/૨૦૨૫ |
| **ચાર્જશીટ દાખલ કર્યા તારીખ** | ૨૭/૦૨/૨૦૨૬ |
| **આરોપીની પ્લી લીધા તારીખ** | ૧૬/૦૪/૨૦૨૬ |
| **પુરાવો શરૂ કર્યા તારીખ** | ૧૬/૦૪/૨૦૨૬ |
| **ચુકાદો અનામત રાખ્યા તારીખ** | ૧૮/૦૫/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૧૮/૦૫/૨૦૨૬ |
| **સજાનો હુકમ કર્યા તારીખ (જો હોય તો)** | –– |

## આરોપીની વિગત

| આરોપી નં. | આરોપી/ઓનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તે તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી ? | સી.આર.પી.સી. કોડની કલમ–૪૨ (બી.એન.એસ.એસ.ની કલમ–૩૯) મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે? |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **અનિલકુમાર ઇગ્નાસભાઇ પરમાર** | – | – | બી.એન.એસ. ની કલમ–૨૮૧, ૧૨૫(એ) ૧૨૫(બી) તથા એમ.વી. એકટ–૧૭૭, ૧૮૪ | નિર્દોષ | – | – |

## ફોર્મ–સી

## ફરિયાદપક્ષ/ બચાવપક્ષ/ કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (એ) ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવો :

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | ખોડાભાઇ પુજાભાઇ પરમાર | ફરિયાદી | ૪ |
| ૨ | પ્રકાશભાઇ ખોડાભાઇ પરમાર | સાહેદ | ૬ |
| ૩ | પ્રવિણભાઇ વિનુભાઇ મેકવાન | સાહેદ | ૭ |

### (બી) બચાવપક્ષે સાહેદ :

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

## (સી) કોર્ટ સાહેદ :

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

## <u>ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :</u>

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૫ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૮ |
| ૩ | અનિલકુમારનું મેડીકલ સર્ટી | ૯ |
| ૪ | ખોડાભાઈનું મેડીકલ સર્ટી | ૧૦ |
| ૫ | પ્રકાશભાઈનું મેડીકલ સર્ટી | ૧૧ |
| ૬ | પ્રવિણભાઈનું મેડીકલ સર્ટી | ૧૨ |

## (બી) <u>બચાવપક્ષે તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :</u>

| અનુ. | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| – | – | – |

## (સી) <u>કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :</u>

| અનુ. | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| – | – | – |

## <u>મુદ્દામાલની વિગત :</u>

| અ.નં. | આર્ટીકલ નં. | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| – | – | – |

## <u>– જજમેન્ટ –</u>

૧.. ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૯/૧૨/૨૦૨૫ ના કલાક–૧૭:૩૦ વાગ્યે, મોજે મરીડા ચોકડી થી મરીડા તરફ ૧૦૦ મીટર દુર પોતે પોતાની જુપીટર

મોટરસાયકલ નં.જીજે–૦૭–એફ.સી.–૮૯૧૭ ની બેફીકરાઇ અને ગફલતભરી રીતે પુરઝડપે ચલાવી આગળ જતી ફરિયાદીની એકટીવા નં.જીજે–૦૭–એફ.બી.–૩૪૬૫ નીને પાછળથી અથડાવી ફરિયાદી તથા સાહેદને રોડ ઉપર નીચે પાડી દઇ ફરિયાદીને જમણા પગે ઢીંચણ નીચ વાસ નળાના ભાગે ફ્રેકચરની ઇજા તથા સાહેદ પ્રકાશભાઇ નાઓને જમણા પગે ઢીંચણ ઉપરવાસ થાપાના ભાગે ફ્રેકચરની ઇજા તથા સાહેદ પ્રવિણકુમારને જમણા હાથના ખભા ઉપર ફ્રેક્ચરની ઇજા કરી તેમજ પોતાના શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઇજા કરી ગુનો કરી, ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૮૧, ૧૨૫(એ),૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કરતા આ કામના ફરિયાદીએ નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવતા તે આધારે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ ફાઇલ કરવામાં આવેલ છે.

**૨..** ઉપરોકત ગુના સબબની ફરિયાદ આ કામના ફરિયાદીએ નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તે આધારે સદર ગુનાની તપાસ કરનાર અધિકારીએ તપાસ સંભાળી લઈ જરૂરી પંચનામા કરી લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપીને અટક કરી ત્યારબાદ કોર્ટના હુકમ તળે આરોપીઓને જામીન ઉપર મુકત કરી, આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા અત્રેની કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે.

**૩..** સદર કામના આરોપીને સમન્સ કાઢતા આરોપીને બજવણી થતા તેઓ નામ. કોર્ટમાં હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો બી.એન.એસ.એસ.–૨૩૦ અન્વયે વિના મૂલ્યે પૂરી પાડયા બાદ આંક–૩ થી પ્લી નોંધતા આરોપીએ ગુનો કબૂલ નથી અને કેસ આગળ ચલાવવો છે તેવું જણાવતા કેસ આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદ પક્ષે નીચે મુજબના પુરાવાઓ રજૂ કરેલા છે.

**૪..** ફરિયાદપક્ષે ઉપરોકત નોંધાયેલ પુરાવા બાદ મુળ ફરિયાદી તરફે સાહેદે આંક–૧૩ થી કલોઝીંગ પુરસીસ આપી પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષે રજૂ પુરાવાનું મૂલ્યાંકન

કરતા બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન પડતો હોય જેથી આરોપીઓનું વિશેષ નિવેદનો નોંધવાનો હકક ડિસ્પેન્સ વિથ કરવામાં આવે છે.

**૫..** ત્યારબાદ સદર કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીનાઓએ તેમજ આરોપી પક્ષે વિ.વ.શ્રીએ મૌખિક દલીલો કરેલ છે, જે ધ્યાને લીધી.

**૬..** સદર કેસના ન્યાયિક નિર્ણય સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિતિ થયેલા છે:–

| **ક્રમ** | **મુદ્દા** |
|---|---|
| **૧** | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૯/૧૨/૨૦૨૫ ના કલાક–૧૭:૩૦ વાગ્યે, મોજે મરીડા ચોકડી થી મરીડા તરફ ૧૦૦ મીટર દુર પોતે પોતાની જુપીટર મોટરસાયકલ નં.જીજે–૦૭–એફ.સી.–૮૯૧૭ ની બેફીકરાઈ અને ગફલતભરી રીતે પુરઝડપે ચલાવી આગળ જતી ફરિયાદીની એકટીવા નં.જીજે–૦૭–એફ.બી.–૩૪૬૫ નીને પાછળથી અથડાવી ફરિયાદી તથા સાહેદને રોડ ઉપર નીચે પાડી દઈ ફરિયાદીને જમણા પગે ઢીંચણ નીચ વાસ નળાના ભાગે ફ્રેકચરની ઈજા તથા સાહેદ પ્રકાશભાઈ નાઓને જમણા પગે ઢીંચણ ઉપરવાસ થાપાના ભાગે ફ્રેકચરની ઈજા તથા સાહેદ પ્રવિણકુમારને જમણા હાથના ખભા ઉપર ફ્રેક્ચરની ઈજા કરી તેમજ પોતાના શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજા કરી ગુનો કરી, ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૮૧,૧૨૫(એ),૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ? |
| **૨** | શું હુકમ ? |

**૭..** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે :

મુદ્દા નં.૧ – નકારમાં

મુદ્દા નં.૨ – આખરી હુકમ મુજબ

**:: કારણો ::**

**મુદ્દા નં.૧ :**

૮.. ઉપરોકત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબના છે :

૮.૧ આ કામે ફરિયાદપક્ષ ધ્વારા જે પુરાવો રજૂ કરવામાં આવેલ છે, તે ધ્યાને લેવામાં આવે તો, સદર કામે આંક–૪ થી ફરિયાદી ખોડાભાઇ પુજાભાઇ પરમાર તથા આંક–૬ થી સાહેદ પ્રકાશભાઇ ખોડાભાઇ પરમાર નાઓને તપાસેલા છે તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તારીખ તેઓને યાદ નથી. બનાવના દિવસે તેઓ તથા તેઓનો ભત્રીજો પ્રકાશ તેનું એકિટવા લઇને મરીડા મંદિર દર્શન કરવા નીકળેલા. મરીડા ચોકડીથી અંદર જતા અચાનક એક કુતરૂ એકિટવા આગળ આવી જતા પ્રકાશએ બ્રેક મારેલી જેના કારણે પાછળ ડબલ સવારીમાં આવતી એક મોટરસાયકલ તેઓની એકટીવાને અથડાઇ ગયેલ જેના કારણે તેઓ બધા પડી ગયેલા અને તેઓને બધાને ઈજાઓ થયેલી હોય તેઓને બધાને ખાનગી વાહનમાં પ્રથમ હોસ્પિટલ ખાતે લઇ ગયેલા જ્યાં તેઓએ સારવાર કરાવેલી. જે સદરહું બનાવની તેઓએ ફરિયાદ આપેલી જે ફરિયાદ આંક–૫ થી રજૂ કરેલ છે.

સદર ફરિયાદીની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ સમયે પાછળથી આવેલ બાઇક પ્રકાશે અચાનક બ્રેક મારેલ તેથી અથડાઇ ગયેલ, પાછળથી આવેલ બાઇકની સ્પીડ કેટલી હશે તે તેઓ ચોક્કસ કહી શકે નહી તેમજ અકસ્માત કોની બેદરકારીને કારણે બનેલ તે તેઓ કહી શકે નહી.

૮.૨ આ કામે ફરિયાદપક્ષ ધ્વારા જે પુરાવો રજૂ કરવામાં આવેલ છે, તે ધ્યાને લેવામાં આવે તો, સદર કામે આંક–૭ થી સાહેદ પ્રવિણભાઇ વિનુભાઇ મેકવાન નાઓને તપાસેલા છે તેઓ તેમની સોગંદ ઉપરની

જુબાનીમાં જણાવે છે કે, બનાવ તારીખ તેઓને યાદ નથી. બનાવના દિવસે તેઓ તથા તેમનો મિત્ર અનીલ તેનું જુપીટર લઇને જતા હતા ત્યારે મરીડા ચોકડીથી અંદર જતા આગળના એકટીવા ચાલકે અચાનક બ્રેક મારેલી જેના કારણે તેઓનું મોટરસાયકલ આગળ જતા એકટીવાને અથડાઇ ગયેલ જેના કારણે તેઓ બધા પડી ગયેલા અને તેઓને બધાને ઇજાઓ થયેલી હોય તેઓ બધાને ખાનગી વાહનમાં પ્રથમ હોસ્પિટલ ખાતે લઇ ગયેલા જ્યાં તેઓએ સારવાર કરાવેલી.

સદર ફરિયાદીની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ સમયે તેઓનું બાઇક આગળ જતા એકટીવા ચાલકે અચાનક બ્રેક મારેલ તેથી અથડાઇ ગયેલ, બાઇકની સ્પીડ કેટલી હશે તે તેઓ ચોક્કસ કહી શકે નહી તેમજ અકસ્માત કોની બેદરકારીને કારણે બનેલ તે તેઓ કહી શકે નહી.

૮.૪ આરોપીના વિ.વ.શ્રી ગુનાવાળી જગ્યાનું પંચનામુ કબુલ રાખતા હોઇ જેને આંક–૮ આપવામાં આવેલ છે. આમ, સદર ગુનાવાળી જગ્યાનું પંચનામુ ધ્યાને લેતાં બનાવવાળી જગ્યાની ચતુર્થદિશાની હકીકતો રેકર્ડ ઉપર આવે છે પરંતુ તેથી વિશેષ આરોપીને ગુના સાથે સાંકળી શકાયતેવી કોઇ મહત્વની હકીકતો રેકર્ડ ઉપર આવેલ નથી.

૮.૪ આરોપીના વિ.વ.શ્રી ઇજાપામનારને થયેલી ઇજા અંગેનું મેડીકલ સર્ટીફીકેટ કબુલ રાખતા હોઇ જે આંક–૧૦ થી ફરિયાદી ખોડાભાઇ, આંક–૧૧ થી સાહેદ પ્રકાશભાઇભાઇ  તથા આંક–૧૨ થી સાહેદ પ્રવિણભાઇનું મેડીકલ સર્ટી રજૂ થયેલ છે. જે ધ્યાને લેતા ઇજા પામનાર ફરિયાદી તેમજ સાહેદોને ઇજા થયેલ તેવી હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે પરંતુ સદર ઇજા આ કામના આરોપી ધ્વારા તેઓને પહોંચાડવામાં આવેલ હોય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી. જેથી મેડીકલ સર્ટીના આધારે આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

૯.. **<u>પુરાવાનું મુલ્યાંકન</u>**

સદર કામે ઉપરોકત તમામ પુરાવાને ધ્યાને લેવામાં આવે તો આ કામના ફરિયાદીએ તેઓના પુરાવામાં ફરિયાદ હકીકત જણાવેલ છે. પરંતુ આ કામના ઈજાપામનારને હાલના કામના વાહન ચાલક ધ્વારા વાહન ચલાવી અકસ્માત કરતા ઈજા પહોંચાડવામાં આવેલ હોય તેવો કોઇ સીધો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ આ કામના ફરિયાદીના પુરાવાથી ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન થાય તેવી કોઇ હકીકત ફલિત થતી નથી. વધુમાં જયારે આંક–૪ થી ફરિયાદી ખોડાભાઇ, આંક–૬ થી સાહેદ પ્રકાશભાઇ તથા આંક–૭ થી પ્રવિણભાઇ નાઓના કોર્ટ રૂબરૂના પુરાવા પરથી અકસ્માત થયેલ હોવાની હકીકત પુરવાર થાય છે પરંતુ સદર ફરિયાદી તથા સાહેદો ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રી નાઓ ધ્વારા તેઓને હોસ્ટાઇલ જાહેર કરતા બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, બનાવ સમયે પાછળથી આવેલ બાઇક પ્રકાશે અચાનક બ્રેક મારેલ તેથી અથડાઇ ગયેલ, પાછળથી આવેલ બાઇકની સ્પીડ કેટલી હશે તે તેઓ ચોક્કસ કહી શકે નહી તેમજ અકસ્માત કોની બેદરકારીને કારણે બનેલ તે તેઓ કહી શકે નહી. આમ, જયારે ખુદ ફરિયાદી તેમજ ઈજાપામનાર સાહેદો જ પોતાની ફરિયાદ હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ ન હોઈ હાલના આરોપીએ જ બનાવવાળો અકસ્માત કરેલ છે તે સ્પષ્ટપણે ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલા નથી. સદર કામના ફરિયાદીની તથા ઈજાપામનાર સાહેદની જુબાની વંચાણે લેતા હાલના આરોપીએ તેઓનું વાહન પુરઝડપે, બેફીકરાઈ અને ગફલતભરી રીતે ચલાવી ફરિયાદીને ઈજા પહોંચાડી હોવાની હકીકત નીકળી આવતી નથી. પરંતુ જયારે ગુનો બી.એન.એસ.ની કલમ–૨૮૧ મુજબનો હોઈ ત્યારે ફરિયાદપક્ષે આરોપી ડ્રાઈવીંગ ગફલતભરી રીતે અને માણસની જીંદગી જોખમાય તેવી રીતે હંકારતા હતા તેવો સ્પષ્ટ પુરાવો રજૂ કરવો જોઇએ. આમ, આરોપીએ ડ્રાઈવીંગ

નેગલીજન્સ રીતે હંકારી તેના કારણે અકસ્માત થયેલ હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય આરોપીને કસુરવાર ઠરાવી શકાય તેટલો સબળ અને સચોટ નથી વધુમાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ જોવામાં આવે તો એવું પુરવાર થાય છે કે, ફરિયાદીને સદર અકસ્માતથી ઈજાઓ થઈ હોય પણ સદર ઈજા આરોપીના પુરઝડપે અને ગફલતભરી રીતે વાહન હાંકવાથી થયેલ હોય તેવું પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

**૧૦..** આમ, સદર કામના ફરિયાદી તથા ઈજાપામનાર સાહેદોની જુબાની વંચાણે લેવામાં આવે તો ઉપર ચર્ચા કરી તેમ આરોપી સામેના ગુનાનું તહોમત જોતા બી.એન.એસ.ની કલમ–૨૮૧નો ગુનો નોંધવામાં આવેલ છે તે જોતા સદર ફરિયાદી તથા સાહેદના પુરાવા ઉપરથી આરોપી ગુનાના કામે સંડોવાયેલ છે તેવો કોઇ સ્પષ્ટ પુરાવો આવેલો નથી. ત્યારે બનાવ સમયે આ કામના આરોપીએ પોતાનું વાહન પુરઝડપે અને બેદરકારીપૂર્વક ચલાવેલ હોય તેવું ફલિત થતુ નથી કે માની શકાય તેમ નથી. આ કામે રજૂ થયેલ પુરાવો જોતા બનાવ બાબતે શંકા ઉપસ્થિત થાય છે ત્યારે ક્રિમિનલ જ્યુરિસપ્રુડન્સના પાયાના સિધ્ધાંતો મુજબ ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવાનો હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી. વધુમાં જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવાપાત્ર છે. આમ, ઉપરોકત કરેલ તમામ ચર્ચા અને જણાવેલ કારણોસર ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઇ જેથી મુદ્દા નં.૧ નો જવાબ ''નકાર''માં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો ''આખરી હુકમ'' કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

૧) આ કેસના આરોપી **અનિલકુમાર ઈગ્નાસભાઈ પરમાર**નાઓને ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૮૧,૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુનાના કામે

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૮(૧) મુજબ શંકાના આધારે નિર્દોષ ઠરાવવામાં આવે છે.

૨) સદર કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ કિંમતી મુદ્દામાલ(જો હોય તો) માલિકીની ખરાઇ કરી મુળ માલિકને પરત કરવો અને અન્ય મુદ્દામાલનો નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩) આરોપીઓએ અગાઉ આપેલ જામીનખત અને જાતમુચરકા બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ (ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ)) અન્વયે અપીલ પીરિયડ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ–૧૮, માહે–મે, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**(મેહુલકુમાર મહેન્દ્રકુમાર ગાંધી)**
**પાંચમાં એડી. ચીફ જયુડિ. મેજિસ્ટ્રેટ,**
**નડિયાદ.**
**જજ કોડ નં.૦૧૨૭૦**

**તા.૧૮/૦૫/૨૦૨૬**
**સ્થળ–નડિયાદ**